


''ગુજરાતના વિકાસથી મઘમઘતા પુષ્પ (નરેન્દ્ર મોદી)ને ભારત માતાના ચરણોમાં ધરી (પીએમ બનાવવા) સુવાસ પ્રસરાવીએ !''

# આજે દહેગામ ખાતે જિલ્લા કક્ષાનો સ્વાતંત્ર્યદિન સમારોહ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર જિલ્લામાં જિલ્લા કક્ષાના ૧૫ ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી મ્યુનિસિપલ ગ્રાઉન્ડ, મ્યુનિસિપલ હાઈસ્કુલની પાછળ, દહેગામ ખાતે કરવામાં આવશે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી જયનારાયણ વ્યાસ રાષ્ટ્રધ્વજ ફરકાવીને સલામી આપશે.

આ પ્રસંગે સવારના ૮.૩૦ થી ૮.૫૫ કલાક દરમિયાન શાળાની બાલિકાઓ દ્વારા દેશભકિતના ગીતોની પ્રસ્તુતિ કરવામાં આવશે.

સવારના ૯.૦૦ કલાકે મંત્રી શ્રી જયનારાયણ વ્યાસના હસ્તે ધ્વજવંદન કરવામાં આવશે. ૯.૦૨ થી ૯.૧૦ કલાકના સમયગાળામાં પરેડ યોજાશે.

ત્યારબાદ ૯.૧૧ કલાકે મંત્રીશ્રી પોતાનું પ્રાસંગિક પ્રવચન આપશે. ૯.૩૦ થી ૧૦.૦૦ કલાક દરમિયાન વિવિધ શાળાના બાળકો દ્વારા મંત્રમુગ્ધ કરી દે તેવા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવશે. આ પ્રસંગે મંત્રીશ્રીના હસ્તે વૃક્ષારોપણ કાર્યક્રમ પણ યોજાશે. સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નિમિત્તે જાહેર જનતાને સહભાગી થવા જિલ્લા કલેકટર શ્રી પી. સ્વરૂપે હાર્દિક નિમંત્રણ પાઠવ્યું છે.

## સ્વાતંત્ર્ય દિન

માનવ મહેરામણ થી છલકતો
મારો ભારત દેશ મહાન
સપ્તરંગી સંસ્કૃતિમાં રંગાયેલ
ગાંધી, સરદાર અને નહેરૂ
લાલ, બાલ અને પાલ સમા
વિરલાઓથી ઝગમગતા એવા
કાશ્મીરથી કન્યાકુમારી અને
એવા સરહદના બહાદુર જવાનો
જલ, થલ અને વાયુ સેનાના
અપૂર્વ શૌર્યને શાનથી વધાવીએ
મહાન ભારત ના સ્વાતંત્ર્યદિને
ખુશી ખુશી ચૂમી લઈએ દેશને
સંકલ્પ કરીએ મહાન દેશના
નાગરીકો, મહાન થઈને રહીએ
માનવ મહેરામણથી છલકતો
મારો ભારત દેશ મહાન

- મહેન્દ્ર ચૌહાણ

## મહાન ભારત

ગાંધી, જવાહર, સરદાર કેરા મહાપુરુષો થકી
આપણા સ્વાતંત્ર્ય ભારતના સ્વપ્ન સાકાર થયા
વીર શહીદોના બલિદાન ને શતઃ શતઃ વંદન
વિવેકાનંદને રામકૃષ્ણ જેવાની તપોભૂમિ આ
લાલ, બાલ ને પાલની દેશભક્તિ ગજબની
મહાન ભારતનો વિશ્વમાં કદી જડશે નહીં જોટો
સંસ્કાર સિંચનને ઘડતરમાં સર્વોચ્ચ રહીને
પ્રગતિના પંથે બુધ્ધિધન આપણું હંફાવે સૌને
વિકાસની કૂચથી વિશ્વમાં બની મહાસત્તા
દેશવાસીઓના તરવરાટ નો થનગનાટ થકી જ
મહાભારતનું ગૌરવ છે વિશ્વમાં અજોડ
સંસ્કાર, સમૃદ્ધિને સંપત્તિ થી ભર્યા ભર્યા આ
અડગ દેશના સૌ દેશવાસી ને જવાનો
આપણા ત્રિરંગા ભારત દેશને શતઃ શતઃ વંદન

- મહેન્દ્ર ચૌહાણ

## વૈષ્ણવ પરિષદની તેજસ્વી તારિકા



ગાંધીનગર, તા. ૧૪

તાજેતરમાં પાટનગરની આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય જિજ્ઞેશ દાણીની હિલવૂડ સ્કૂલના ધોરણ-૬માં અભ્યાસ કરતી દસ વર્ષીય સુપુત્રી ભાર્વી દાણીએ અમદાવાદ ખાતે 'પુષ્ટિમાર્ગીય સેવા પ્રણાલી મેં રાગ, ભોગ ઔર શૃંગાર' વિષયે આયોજિત વક્તૃત્વ સ્પર્ધામાં દ્વિતિય સ્થાન મેળવીને પરિષદને ગૌરવ અપાવ્યું છે. ગાંધીનગર પરિષદ ટૂંક સમયમાં ભાર્વીને વડોદરા ખાતે યોજાઈ રહેલી ફાઈનલ સ્પર્ધામાં મોકલી રહી છે. સંસ્થા તેમજ વૈષ્ણવ પરિષદના સભ્યોએ ભાર્વીને અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી છે.

## રૂદ્રપ્રતાપસિંહની હેન્ડબોલ સ્પર્ધામાં રાજયકક્ષાએ પસંદગી



ગાંધીનગર, તા. ૧૪

પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થી રૂદ્રપ્રતાપસિંહ રણજીતસિંહ સિસોદીયાઓ જિલ્લા કક્ષાની અન્ડર-૧૯, હેન્ડબોલ સ્પર્ધામાં સારું પ્રદર્શન કરી રાજયકક્ષામાં પસંદ થયા છે. શાળાનું ગૌરવ વધાર્યુ છે. શાળાના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા અને આચાર્યા સ્વાતીબેન રાઓલએ અભિનંદન પાઠવ્યા હતા.

## ઉર્વશી રાજપુત કુસ્તીમાં પ્રથમ



ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર સેકટર-૫માં આવેલ પ્રેરણા વિદ્યાલયની ઉર્વશી રાજપુત જિલ્લાકક્ષાની અન્ડર-૧૯ની કુસ્તી અને વેઈટ લીફટીંગ સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવી શાળાનું ગૌરવ વધાર્યુંછે. આચાર્યા સ્વાતીબેન રાઓલ અને ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલાએ વિજેતાને અભિનંદન પાઠવ્યા હતા.

# સે-૧૭ હેલીપેડ ખાતે સ્વાતંત્ર્ય દિન ઉજવાશે



ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર તાલુકા કક્ષાના સ્વાતંત્ર્ય દિનની ઉજવણી હેલીપેડ ગ્રાઉન્ડ, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે કરવામાં આવશે. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લાના પ્રભારી સચિવ અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અગ્ર સચિવ શ્રી સંજય પ્રસાદ રાષ્ટ્રધ્વજ ફરકાવી સલામી આપશે.

આ પ્રસંગે સવારના ૯.૦૦ કલાકે જિલ્લા પ્રભારી સચિવ શ્રી સંજય પ્રસાદના હસ્તે ધ્વજવંદન કરવામાં આવશે. ૯.૦૨ થી ૯.૧૦ કલાકે પરેડ યોજાશે. ૯.૧૧ થી ૯.૨૬ કલાક દરમિયાન પ્રભારી સચિવશ્રી પોતાનું પ્રવચન આપશે. ૯.૨૬ થી ૯.૫૫ કલાક દરમિયાન વિવિધ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવશે. આ પ્રસંગે પ્રભારી સચિવશ્રી અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવશે. સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નિમિત્તે જાહેર જનતાને ઉપસ્થિત રહેવા ગાંધીનગર મામલતદારશ્રી એમ.એસ. પંચાલે હાર્દિક નિમંત્રણ પાઠવ્યું છે.

# ૧૬મી રાષ્ટ્રીય ફોટોગ્રાફી સ્પર્ધા માટે ફોટો કૃતિ મોકલવા અંગે

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત રાજય લલિતકલા અકાદમી દ્વારા દેશના ફોટોગ્રાફી ક્ષેત્રના કલાકારોને પ્રોત્સાહન મળે તથા નાગરિકોની કલા પ્રત્યે વિષય લક્ષી રૂચિ કેળવાય તેવા ઉમદા આશયથી યુથ ઓફ ઈન્ડિયા વિષય પર ૧૬મી રાષ્ટ્રિય કક્ષાની ફોટોગ્રાફી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધઆ કલર અને બ્લેક એન્ડ વ્હાઈટ એમ બે વિભાગમાં યોજાશે.

બંને વિભાગમાં પ્રથમ નંબરે આવનારને રૂા. ૧૦,૦૦૦ દ્વિતીય ક્રમે આવનારને રૂા. ૭૦૦૦ અને તૃતીય ક્રમે આવનારને રૂા. ૫૦૦૦ તથા રૂપિયા ૧૦૦૦ના પાંચ આશ્વાસન ઈનામ આપવામાં આવશે. આ રાષ્ટ્રિય ફોટોગ્રાફી સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા વ્યક્તિઓએ તા.૩-૯-૨૦૧૨ થી ૧૫-૯-૨૦૧૨ સુધીમાં પોતાની ફોટો કૃતિ સચિવશ્રી, ગુજરાત રાજય લલિત કલા અકાદમી, રવિશંકર રાવળ કલા ભવન, લો ગાર્ડન, ભાઈકાકા ભવન સામે, એલિસબ્રિજ, અમદાવાદ. પીન.કોડ- ૩૮૦૦૦૬ ખાતે મોકલી આપવાની રહેશે. આ સ્પર્ધા માટેનું ફોર્મ www. sycd. gujarat. gov.in પરથી ડાઉનલોડ કરી શકાશે. તેવું સચિવશ્રી ગુજરાત રાજય લલિત કલા અકાદમી, અમદાવાદે અખબારી યાદીમાં જણાવ્યું છે.

# રાજય કલા પ્રદર્શનમાં ભાગ લેવા ઈચ્છુક કલાકારો જોગ

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત રાજય લલિત કલા અકાદમી દ્વાર પેઈન્ટિંગ, શિલ્પ, ગ્રાફિકસ, વ્યવહારિક કલા, ફોટોગ્રાફી જેવી કલાકૃતિઓ તેમ જ સામાન્ય વ્યક્તિઓની આવી કલા પ્રત્યે રૂતી કેળવાય તેવા ઉમદા આશયથી ૫૩મા રાજયકલા પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા માટે કલાકારો, કલાના ચાહકો, કલા સંસ્થાના વિદ્યાર્થીઓ, ધોરણ-૧થી ૧૦માં ભણતા વિદ્યાર્થીઓ પોતાની કૃતિ રજૂ કરીને ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાં કુલ-૭૫ જેટલા ઈનામો આપવામાં આવશે.

ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ પોતાની કલાકૃતિ તા.૨૦મી સપ્ટેમ્બરે-૨૦૧૨થી ૨૪ સપ્ટેમ્બર-૨૦૧૨ દરમ્યાન નિયત અરજી પત્રક સાથે સચિવશ્રી. ગુજરાત રાજય લલિત કલા અકાદમી, રવિશંકર રાવળ કલા ભવન, લો ગાર્ડન, ભાઈકાકા ભવન સામે, એલિસબ્રિજ, અમદાવાદ. પીન કોડ- ૩૦૦૦૬ ખાતે બપોરના ૧૨ થી ૫ કલાક સુધી (રવિવાર સહિત) મોકલી આપવાની રહેશે. આ સ્પર્ધા માટેનું ફોર્મ www.sycd. gujarat.gov.in ,પરથી ડાઉનલોડ કરી શકાશે. તેવું સચિવશ્રી ગુજરાત રાજય લલિત કલા અકાદમી, અમદાવાદે અખબારી યાદીમાં જણાવ્યું છે.

## યુગનાયક સ્વામી વિવેકાનંદ

- રજનીકાંત ભટ્ટ

# ભારતના પુનરુત્થાનનો પથ- ૪



॥ ઓગણીસમો મણકો ॥

કોઈ પણ સત્ય, પ્રેમ અને નિષ્ઠાને સામનો કરી શકે નહિ. તમારામાં નિષ્ઠા છે? તમે મરણપર્યત નિઃસ્વાર્થ રહી શકો છો ? તમારામાં પ્રેમભાવ છે? તો પછી શેનો ડર ? ખુદ મૃત્યુનો પણ ડર નહિ. આગળ ધપો! સમય જગતને પ્રકાશની જરૂર છે. તેને મારે તે આશાભરી મીટ માંડી રહ્યું છે! એ પ્રકાશ કેવળ ભારત પાસે જ છે અને તે છે સર્વોચ્ચ આધ્યાત્મિક સત્યનો ઉપદેશ આપવામાં. એ જ કારણે પરમાત્માએ આપણી ભારતીય પ્રજાને એનેક ઉથલપાથલો માંથી પાર ઉતારીને આજ સુધી બચાવી રાખી છે. વીર યુવકો,શ્રદ્ધા રાખે કે તમારા સહુનો જન્મ મહાન કાર્યો કરવા માટે થયો છે. કુરકુરિયાના ભસવાથી ડરી જશો નહિ. અરે આકાશના વજ્ર પ્રહારથી પણ ડરશો નહિ. ઉભા થાઓ અને કામે લાગો.

મારા જીવનની સમગ્ર ઈચ્છા એ છે કે એક એવી યોજના અમલમાં મૂકવી કે જેથી પ્રત્યેક વ્યક્તિને ઊંચામાં ઊંચા વિચારો સુલભ બને પછી ભલે સ્ત્રીઓ અને પુરુષો પોતપોતાનું ભાગ્ય નક્કી કરે. જીવનના અત્યંત મહત્વના પ્રશ્નો વિશે આપણા પૂર્વજોએ તેમ જ બીજા દેશોના વિચારકોએ શું વિચાર્યું છે એ હકીકતની તેમને જાણ થવી જોઈએ. બીજાએ અત્યારે શું કરી રહ્યા છે એ તેઓ ખાસ જુએ અને પછઈ પોતાનો નિર્ણય બાંધે. આપણે તો માત્ર રસાયણોનો સંયોગ કરવાનો છે. સ્ફટિકીકરણ કુદરત પોતાના નિયમાનુસાર કરશે. સખત પરિશ્રમ કરો. દૃઢ બને અને ઈશ્વરમાં શ્રદ્ધા રાખો. કામે લાગી જાઓ. હું વહેલો કે મોડો આવવાનો જ છું. તે મારી સમક્ષ આ મુદ્રલેખ ધ્યાનમાં રાખો :'ધર્મને હાનિ પહોંચાડયા વગર જનતાની ઉન્નતિ.' યાદ રાખો કે સાચું રાષ્ટ્ર ઝુંપડાઓમાં વસે છે. પરંતુ, અફસોસ કોઈએ પણ આ ઝુંપડાવાસીઓની દરકાર કરી નથી.

આપણા હાલના સુધારકો તો વિધવાના પૂનઃલગ્નના કાર્ય પાછળ જ મંડી પડ્યા છે. અલબત્ત, પ્રત્યેક સુધારા પ્રત્યે મારી સહાનુભૂતિ છે. પણ રાષ્ટ્રનું ભાવિ તેમની કેટલી વિધવાઓને પતિ મળ્યા તેની સંખ્યા ઉપર નિર્ભર નથી. પરંતુ આમ વર્ગની સ્થિતિ ઉપર તે નિર્ભર છે. એમનો તમે ઉધ્ધાર કરી શકશો ? એમનામાં રહેલી આધ્યાત્મિકતા લોપ થવા દીધા વગર એમનું ખોવાયેલું વ્યક્તિત્વ તમે એમને પાછું અપાવી શકશો ? સમાનતા, સ્વતંત્રતા અને શ્રમ અને ઉદ્યમની ભાવનામાં ચુસ્તમાં ચુસ્ત પશ્ચિમવાસી બનવાની અને સાથોસાથ ધાર્મિક સંસ્કારો અને વૃત્તિઓની બાબતમાં પૂરેપૂરા હિન્દુ બની રહેવાની તમારામાં શક્તિ છે? આપણે કરવાનું આ છે અને તે આપણા કરવાનાં જ એના માટે જ તમારા બધાનો જન્મ થયો છે. આત્મશ્રદ્ધા રાખો. દૃઢ શ્રદ્ધામાંથી જ મહાન કાર્યો જન્મે છે. વણથંભી આગેકૂચ. જીવનની છેલ્લી ઘડી સુધી ગરીબો અને પદ-દલિતો પ્રત્યે અનુકંપા એ છે આપણો મુદ્રાલેખ.

આજે જરૂર છે. ગીતારૂપી સિંહનાદ કરતાં શ્રીકૃષ્ણની, ધનુષધારી શ્રીરામની, મહાવીર હનુમાન અને માકાલીની ઉપાસનાની. તો જ લોકો મહાન ઉત્સાહથી કાર્યરત બની શક્તિશાળી થશે. આ બાબતનો મે ખૂબ કાળજી પૂર્વક અભ્યાસ કર્યો છે. હું એવા નિર્ણયપર આવ્યો છું કે આજે આ દેશમાં જે લોકો ધર્મનો ઉપદેશ આપે છે. તેમાના મોટાભાગના લોકો ચસકેલ મગજના કે ધર્માંધતા જેવી વિકૃત્તિવાળા દોય છે. રજોગુણને પુષ્કળ પ્રમાણમાં ખીલવ્યા સિવાય, તમારું આ લોકમાં કે પરલોકમાં કંઈ વળવાનું નથી. આખો દેશ ગાઢ તમોગુણ વડે ઢંકાઈ ગયો છે. આનું પરિણામ સ્પષ્ટ છે : આ જીવનમાં ગુલામી અને મૃત્યુ પછી નરક !

દેશ પ્રેમી બનો, ભૂતકાળમાં આપણે માટે જે પ્રજાએ આવી મહાન વસ્તુઓ સિધ્ધ કરી છે તેને ચાહો. અરે, જેમ જેમ હું વધુ સરખામણી કરતો જાઉં છું, તેમ મારો દેશ બાંધવ ! તમારા માટેનો મારો પ્રેમ વધતો જાય છે. તમે છો, શુદ્ધ છો અને નમ્ર છો. તમને હંમેશા ત્રાસ આપવામાં આવ્યો છે. આ માયાવી ભૌતિક જગતની આવી વિચિત્રતા છે. એની કાંઈ પરવા ન રાખો. લાંબે ગાળે પણ આત્માનો વિજય થવાનો જ છે. દરમિયાન આપણે કાર્યમાં લાગી જઈએ.

આપણા દેશને આપણે ભાંડીએ નહીં. આપણી ત્રિવાર પવિત્ર માતૃભૂમિની જીર્ણશીર્ણ અને કામ કરી કરીને ઘસાઈ ગયેલી સંસ્થાઓને પણ આપણે ગાળગલોચ ન કરીએ.

# સંગીત ઋષિ પંડિત વિષ્ણુ દિગમ્બર પલુસ્કર

સંગીતકલાના ઉત્તમ સાધક અને સૂર-લયમાં તલ્લિન રહેનાર એવા એક સંગીતના સંતની વાત આજે કરવી છે. ૧૮મી ઑગષ્ટ, ૨૦૧૨ના રોજ એમની ૧૪૦મી જન્મજયંતિ આવી રહી છે. એવા એક ઓલિયા સંગીતકારના જીવન અને કાર્યો વિશે જણાવતાં અંતરનો આનંદ થઈ રહ્યો છે.

સંગીતાચાર્ય પં. વિષ્ણુ દિગમ્બર પલુસ્કરનો જન્મ ૧૮ ઑગષ્ટ, ૧૮૭૨ના રોજ મહારાષ્ટ્રના કુરુંગવાડ નામના એક દેશી રાજયમાં થયો હતો. તેઓના પિતા શ્રી દિગમ્બર પંત એક અચ્છા કિર્તનકાર હતા. તેથી સંગીતના સંસ્કાર વારસામાં મળ્યા. બાળપણથી જ વિષ્ણુમાં સાંગીતિક ગુણ હતા અને કંઠ ખૂબ મીઠો મધુરો હતો.

પિતાજીને સાંભળી-સાંભળીને જ કિર્તનો ગાતા શીખા ગયા. તેઓ પિતાજી સાથે મંદિરોમાં પણ કિર્તન ગાવા જતા હતા.

વિષ્ણુ દિગમ્બરજી જ્યારે માત્ર ૧૨ વર્ષના હતા ત્યારે દિવાળીના પ્રસંગે ફટાકડાની આતશબાજીમાં અચાનક એક ચિનગારી અને એનો ઝેરી ધૂમાડો આંખોમાં ગયો અને તેઓની આંખોની જ્યોતિ ખોઈ બેઠા. અકારણે થયેલા આ અકસ્માતથી વિષ્ણુના જીવનમાં ખળભળાટ મચી ગયો. એમનું જીવન નિરાશાથી ભરાઈ ગયું. અભ્યાસ પડતો મૂકવો પડ્યો.



પંડિતજીને સંગીતમાં ઋચિ હોવાથી તેમના પિતાજીએ ૧૨ વર્ષના આ કિશોરને પંડિત બાલકૃષ્ણ ઈચલકરંજીકર પાસે ગાયન શીખવા મિરજ મોકલ્યો. (પંડિત બાલકૃષ્ણએ ગ્વાલિયર ઘરાનાના ઉસ્તાદ હદુખાં

## સંગીત દર્શન

- ડો. ગૌરાંગ ભાવસાર

હરસુખાંના ઉત્તમ શિષ્ય પંડિત વાસુદેવરાવ દિક્ષિત પાસેથી તાલીમ મેળવી હતી.) બાળપણથી જ વિષ્ણુને કિર્તનની તાલીમ તો હતી જ. હવે યોગ્ય ગુરૂ પાસે તેઓની શાસ્ત્રીય ગાયનની તાલીમ મળતાં તેઓના જીવનમાં એક નવો ઉત્સાહ-ઉમંગ ઉમેરાયો. ઘરાનેદાર તાલીમ તેમણે ગુરુની સેવા કરતાં કરતાં મેળવી. આ ક્રમ ઘણાં વર્ષો સુધી ચાલ્યો અને તેઓ એક ઉત્તમ ગાયક બન્યા તથા ગ્વાલિયર ઘરાનાની ગાયકીના પ્રખર ગાયક બની ગયા.

સન ૧૮૯૬માં સંગીત શિક્ષા સમાપ્ત થઈ. હવે ગુરુના આદેશ અને આશીર્વાદ સાથે પંડિતજીએ સંગીતના પ્રચાર-પ્રસારનો આરંભ કર્યો. તેમણે મહારાષ્ટ્રનાં નાનાં-મોટાં ગામો અને શહેરોમાં સંગીતના કાર્યક્રમો કર્યા. આ પ્રવાસમાં તેમણે અનુભવ્યું કે સમાજમાં સંગીતને સન્માનજનક સ્થાન નથી. સંગીતના કલાકારોની ઉપેક્ષા અને તુચ્છતા જોઈને દૃઢ પ્રતિજ્ઞા લીધી કે જ્યાં સુધી સમાજના ઉચ્ચ પરિવારોમાં સંગીત અને સંગીતકારો પ્રત્યે માન-સન્માન, પ્રતિષ્ઠા નહીં જાગે ત્યાં સુધી પોતે ચેનથી નહીં બેસે.

સૌપ્રથમ એમણે રાગોની બંદિશોમાં પ્રવેશેલા શૃંગાર રસના અસભ્ય ગીત કાવ્યોને દૂર કરી તેના સ્થાને ભક્તિરસ પ્રધાન કાવ્યોનો સમાવેશ કર્યો. આ પ્રયોગથી સમાજમાં સંગીત પ્રત્યે આકર્ષણ જાગ્યું અને સાધારણ લોકો પણ શાસ્ત્રીય સંગીત અને ભજનો સાંભળવા આવવા લાગ્યા. તેમણે કલાકારના વ્યક્તિગત જીવન અને ચરિત્રશુદ્ધિની આવશ્યકતા પર પણ ભાર મૂકી કલાકારોના જીવનધોરણને બદલવાનો સફળ પ્રયત્ન કર્યો.

પંડિતજી ભારતભ્રમણ કરતા-કરતા લાહોર પહોંચ્યા. ત્યાંનો અભ્યાસ કર્યા પછી ત્યાં તેમણે સંગીતની એક ઐતિહાસિક સંસ્થા 'ગાંધર્વ મહાવિદ્યાલય મંડળ'ની સ્થાપના ૫-૫-૧૯૦૧માં કરી. પોતાની અત્યાર સુધીની સંપૂર્ણ કમાણી તેમણે આ સંસ્થાને અર્પણ કરી. વિદ્યાલય માટે ભાડાનું મકાન તથા વાદ્યોની ખરીદી કરી. શરૂઆતમાં ઓછો પ્રતિસાદ મળવાને કારણે આર્થિક મુશ્કેલીઓ વધી પરંતુ છ મહિના પછી પંડિતજી સદાચારી વર્તન અને સંનિષ્ઠ પ્રયત્નોને કારણે વિદ્યાર્થીઓ આવવા લાગ્યા અને આ રીતે ગુરુ-શિષ્ય પરંપરા અનુસાર તાલીમની શરૂઆત થઈ અને વિદ્યાલય શિક્ષણ પ્રણાલીનો યુગ આરંભાયો.

સન ૧૯૦૮ના ઑકટોબર મહિનામાં પંડિતજી પલુસ્કરજી મુંબઈ આવ્યા. તેમણે વિજયાદસમીના શુભ દિને ગાંધર્વ મહાવિદ્યાલય મંડળની મુંબઈ શાખાની સ્થાપના કરી. આમ ૧૯૧૫ સુધી બંને શાખાનું કાર્ય બરોબર ચાલતું રહ્યું અને ૧૯૧૫માં જ તેમણે મિત્રો પાસેથી ઉધાર પૈસા લઈને ગાંધર્વ મહાવિદ્યાલયની માલિકીનું મકાન બનાવ્યું. પરંતુ દુર્ભાગ્યે કરજ ચૂકવી શક્યા નહીં અને સન્ ૧૯૨૪માં વિદ્યાલયનું મકાન વેચવું પડ્યું. તેઓ ખૂબ દુખી હૃદયે મુંબઈ છોડીને નાસિક ચાલ્યા ગયા. ત્યાં અથાગ મહેનતથી ફરી ગાંધર્વ મહાવિદ્યાલયની સ્થાપના કરી.

અવસ્થાની સાથે પંડિતજી રામભક્તિમાં મસ્ત રહેવા લાગ્યા. તેમણે 'રઘુપતિ રાઘવ રાજા રામ' ધૂનનો ખૂબ પ્રચાર કર્યો. આ ઉપરાંત સંગીત દ્વારા રાષ્ટ્રીય ભાવનાનોય પ્રચાર કરવા લાગ્યા અને જ્યાં જ્યાં કોંગ્રેસની રાષ્ટ્રીય મહાસભાનાં અધિવેશનો ભરાય ત્યાં એમણે પોતાના શિષ્યો સહિત 'વંદે માતરમ્' ગાઈને જનતામાં રાષ્ટ્રીયતા જગાડવાનો પ્રયત્ન કર્યો.

આ રીતે પંડિત વિષ્ણુ પલુસ્કરજીએ સંગીતમાં ઘૂસી ગયેલી શૃંગારિકતા અને અશ્લિલતાને દૂર કરીને શુદ્ધ રાગ-રાગિણીઓ દ્વારા શાસ્ત્રીય ગાયકીનો, ભક્તિરસના ભજન-અભંગોનો તથા રાષ્ટ્રગીતો દ્વારા રાષ્ટ્રીય ભાવનાનો સ્ત્રોત વહાવીને જનતામાં સંગીતની સાચી ચેતના જગાડી. તેમની આ મહાન સેવાને સંગીતજગત ભૂલી શકે તેમ નથી.

પોતાના જીવનકાળ દરમ્યાન પંડિતજીએ અનેક શિષ્યો તૈયાર કર્યા. જેમાં સંગીત માર્તંડ પંડિત ઓમકારનાથ ઠાકુર, પંડિત વિનાયકરાવ પટવર્ધન, પંડિત શંકરરાવ વ્યાસ, પંડિત નારાયણરાવ વ્યાસ, પંડિત વિષ્ણુપંત ખરે, પંડિત વામનરાવ પાદયે, પંડિત શંકરરાવ બોડસ, પંડિત વિનયચંદ્ર મૌદગલ્ય જેવા અને મહાન શિષ્યો ઉલ્લેખનીય છે. તેમના સુપુત્ર દત્તાત્રય વિષ્ણુ પલુસ્કર પણ એક ઉત્તમ શિષ્ય તરીકે સંગીત જગતમાં ખ્યાતનામ હતા. આવો મહાન સંગીતજગતનો દુવૈવે અને દેદિપ્યમાન દિપક માત્ર ૩૫ વર્ષની અલ્પાયુમાં જ બુઝાઈ ગયો.

પંડિતજીએ પોતાનાં સ્વરચિત પુસ્તકોમાં રાગોની રચનાઓનો લિપિબદ્ધ કરવા માટે એક વિશેષ નોટેશન પધ્ધતિની રચના કરી જે આજે વિષ્ણુ દિગમ્બર સ્વર-તાલ લિપિ તરીકે ઓળખાય છે. આ નોટેશન પધ્ધતિ થોડી જટિલ છે. છતાં પણ બીજી કોઈપણ નોટેશન પધ્ધતિ કરતાં વધુ પરિપૂર્ણ અને સૂક્ષ્મ છે.

પંડિતજીએ સન ૧૯૦૧માં સ્થાપેલું ગાંધર્વ મહાવિદ્યાલય મંડળ આજે તો દેશવ્યાપી સંસ્થા બનીને ખૂબ પ્રસિદ્ધિ પામી ચૂક્યું છે. ભારતના નાના-મોટા અનેક શહેરોમાં તેની શાખાઓ વિદ્યમાન છે. દર વર્ષે હજારો વિદ્યાર્થીઓ એમાં શિક્ષણ લે છે અને અનેક કલાકારો એમાં અધ્યાપન કાર્ય કરીને આજીવિકા મેળવી રહ્યા છે, જે એક ઉત્તમ બાબત છે. એક વ્યક્તિનું સંગીતના પ્રચાર-પ્રસારનું સ્વપ્ન આજે વિશાળ ફલક પર કાર્યરત છે.

તા. ૨૧મી ઑગષ્ટ, ૧૯૩૧ના રોજ મહારાષ્ટ્રના મિરજ શહેરમાં આ મહાન સંગીત સંન્યાસીએ પરલોકગમન કર્યું. એમના મૃત્યુ સાથે જ સંગીત જગતનો એક યુગ પૂરો થઈ ગયો. આવા મહાન સંગીતજ્ઞની તા. ૧૮ ઑગષ્ટ, ૨૦૧૨ના રોજ ૧૪૦મી જન્મજયંતી છે, ત્યારે આપણે સૌ સંગીતના ચાહકો આવા મહાન સંગીતજ્ઞની વાતોને, તેમનાં કાર્યોને વાગોળી આપણી આવનારી પેઢીને સંસ્કાર સ્વરૂપે સંગીત આપીએ ને સંગીત ક્ષેત્રના આવા મહાન આત્માઓને સાંગિતીક અંજલિ અર્પીએ.